# : ફોર્મ-૪૦૨ ઓનલાઇન મેળવવા માટે કરવાની થતી કામગીરી :

## ( સરળ સ્ટેપ્સમાં )

## ફકત ગુજરાતમાં નોંધાયેલ વેપારી માટે :-

ક. ફોર્મ ૪૦૨નું ટેમ્પલેટ ડાઉનલોડ કરવું

- સૌ પ્રથમ ઇન્ટરનેટ ની મદદથી ખાતાની વેબસાઇટ www.commercialtax.gujarat.gov.in પર જવુ.
- વેબસાઇટના હોમ પેઇજ પર ડાબી બાજુએ આવેલ યુઝર આઇડી કોલમમાં તમારો ટીન તથા પાસવર્ડ કોલમમાં તમારો પાસવર્ડ આપવો, તથા "ડીલર"નું ઓપ્શન સિલેકટ કરી દર્શાવેલ "કેપ્ચા" દાખલ કરી લોગઇન થવું
- આપની સમક્ષ ડીલર એકાઉન્ટનું હોમપેજ ઓપન થશે. જેમાં ડાબી બાજુએ આપેલ ઇ-સર્વિસીઝના મેનું ની બીજી લિંક "ઇ-ચેકપોસ્ટ" પર કિલક કરતાં પાંચ જુદી-જુદી લિંકસ દેખાશે જે પૈકી બીજી લિંક "ચેકપોસ્ટ સબમીશન" ની છે જેની પર કિલક કરતાં "ચેકપોસ્ટ ફોર્મ" ટાઇટલ દર્શાવતું પેજ ઓપન થશે.
- આ પેજમાં નીચેની ફ્રેમમાં ફોર્મ નંબર ૪૦૨ સ્પેસીફાઇડ ગુડઝ માટે તથા ફોર્મ નંબર ૪૦૨ નોનસ્પેસીફાઇડ ગુડઝ માટે એમ બે લિંકસ આપેલ છે બન્ને પ્રકારમાં કયા ગુડઝ આવે તે જોવા માટે બાજુમાં દર્શાવેલ "લિસ્ટ"ની લિંક પર કિલક કરવાથી એકસેલ શીટમાં આ ગુડઝની વિગતો જોવા મળશે.
- આપને માટે જરૂરી હોય તે લિંક પર (સ્પેસીફાઇડ કે નોનસ્પેસીફાઇડ ગુડઝ) પર કિલક કરવાથી ટેમ્પલેટ ડાઉનલોડ અને અપલોડ કરવા માટેની લિંક મળશે. (જો સ્પેસીફાઇડ ગુડઝ માટેની લિંક પર કિલક કરેલ હશે તો ટેમ્પલેટ સ્પેસીફાઇડ ગુડઝ માટેજ મળશે, આ જ બાબત નોનસ્પેસીફાઇડ ગુડઝ માટે પણ લાગુ પડશે.
- આપને જરૂરી એવું ફોર્મ આપેલ લિંક (Download Template For Goods Moving Outside From the State Form 402 (Macro based) )પર કિલક કરવાથી ફાઇલ ડાઉનલોડનો મેસેજ સ્ક્રીન પર આવશે. જેને સેવ ના બટન પર કિલક કરવાથી આપને ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ કયાં સેવ કરવું છે તે પુછતો ડાયલોગ બોકસ આવશે જેની પર યોગ્ય જગાએ ફાઇલ સેવ કરવી સેવ કરેલ ટેમ્પલેટ વારંવાર ઉપયોગમાં લઇ શકાશે. હવે આપ ઓફલાઇન થઇ શકો છો. (ઉપર દર્શાવેલ બે લિંકસ પૈકી પ્રથમ લિંક સેમ્પલના ફોર્મની છે, જે માત્ર ડાઉનલોડેડ ટેમ્પલેટ કેવાં હોય તે જોવા માટે આપેલ છે, જેની પરથી ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ પ્રોસેસ કરવા માટે ઉપયોગી નથી જેની ખાસ કાળજી રાખવી.)
- ડાઉનલોડ કરેલ ફોર્મ ૪૦૨ ની એકસેલ શીટમાં ડેટા ભરતા અગાઉ, "મેક્રો એનેબલ" કરવી જરૂરી છે. જે કારણે ટેમ્પલેટમાં દર્શાવેલ અમુક સવલતો નો ઉપયોગ કરી શકાય છે તથા ભરેલ ટેમ્પલેટ ઓફલાઇન વેલીડેટ કરી શકાય છે જેથી અપલોડ વખતે ડેટા વેલીડેશન એરર નિવારી શકાય છે. "મેક્રો એનબલ" કરવા માટેની સમજૂતિ ટેમ્પલેટ સાથે "હેલ્પ" ની લાલ ટેબ સાથેની શીટમાં આપેલ છે જે મુજબ કરવાથી ટેમ્પલેટ "મેક્રો એનેબલ" થશે. હવે આપ ઓફલાઇન થઇ શકો છો.

ખ. ટેમ્પલેટમાં વિગતો ભરવી.

- હવે ડાઉનલોડ કરેલ ટેમ્પલેટની ત્રણ એકસેલ શીટ ભરવાની કામગીરી કરવી. પ્રથમ એકસેલ શીટ સામાન્ય માહિતી માટે, બીજી કોમોડીટી ડીટેઇલ માટે તથા ત્રીજી શીટ ટ્રાન્સપોર્ટરની ડીટેઇલ માટેની છે. જેમાં આપના વ્યવહારની માહિતી ભરવી.

- એકસેલ શીટ ભરતી વખતે "સેલ" પર માઉસ પોઈન્ટર મુકવાથી ટુલ ટીપ આવશે તેમાં દર્શાવેલ સુચનાઓ ધ્યાને રાખવી. જે "સેલ" લાલ રંગના તથા ફુદડી (*) નિશાની કરેલ છે, તે ફિલ્ડ ભરવા ફરજિયાત છે તે બાબત ધ્યાને લેવી.
- ટેમ્પલેટ ભર્યા બાદ બેઝીક શીટ પર આપેલ "વેલીડેટ" ના બટન પર ક્લિક કરવાથી, ભરેલ ટેમ્પલેટમાં એરર હશે તો તે પ્રત્યે આપનું ધ્યાન દોરવામાં આવશે, તમામ એરર સુધારીને "નો એરર ફાઉન્ડ" નો મેસેજ આવે ત્યાં સુધી વેલિડેટ કરવું. વેલિડેટ કરેલ ટેમ્પલેટ ને સેવ કરવા માટે લોકેશન નકકી કરવા માટેનો ડાયલોગ બોકસ આવશે જેમાં યોગ્ય લોકેશન પર વેલિડેટ કરેલ ટેમ્પલેટ ફાઇલ સેવ કરવી. આ સેવ કરેલ ટેમ્પલેટ હવે અપલોડ કરવાનું છે.

ગ. ટેમ્પલેટ અપલોડ કરવું

- આ માટે ફરી આપ લોગઇન થઇ ટેમ્પલેટ ડાઉનલોડ માટેના ઓપન થયેલ પેજ પર આવી જવું. ત્યાંથી અપલોડની કાર્યવાહી શરૂ કરવી. આ માટે પહેલાં ડોકયુમેન્ટ ટાઇપ (હાલ ફોર્મ ૪૦૨) સિલેકટ કરવું. નીચે આપનો મેઇલ આઇ.ડી આપવો.જે ફરજિયાત છે જેની પર આપને ઇ-મેઇલ મોકલવામાં આવનાર છે તથા અપલોડ ફાઇલ કોલમમાં "બ્રાઉઝર" બટનથી, ડેસ્કટોપ પર મૂકેલ સેવ કરેલ ટેમ્પલેટ એટેચ કરવું.
- પોતાની રાજયમાંની અન્ય સ્થળની શાખાથી માલ રવાના કરેલ હોય તે બ્રાંચની વિગતો ડ્રોપડાઉન મેનું માંથી સિલેકટ કરવી જેથી તે બ્રાંચનું એડ્રેસ ફોર્મ ૪૦૨ના એડ્રેસના કોલમમાં આવશે. જે વેપારીને ગુજરાતમાં માત્ર એકજ બ્રાંચ હોય તેને આ બાબત લાગુ પડશે નહીં. હવે અપલોડ બટન ક્લિક કરતાં અપલોડીંગની કામગીરી શરૂ થશે.
- અપલોડ થયેલ ફાઇલમાં એરર ન આવે ત્યારે ડેટા વેલીડેટ થઇને "No Error Found" એવો મેસેજ મળતાં, નીચે "સબમીટ" નું બટન હશે જેને ક્લિક કરતાં જ ફોર્મ અપલોડ થયાની રીસીપ્ટ તથા પીડીએફ લિંક ઓપન પેજ પર મળશે સૌ પ્રથમ નીચે આવેલ પીડીએફ લિંક પર ક્લિક કરવી જેથી ફોર્મ ૪૦૨ (બારકોડેડ) ઓપન થશે જેની ૩ નકલની પ્રિન્ટઆઉટ મેળવી લેવી આ રીતે આપ ડીકલેરેશન ૪૦૨ મેળવી શકો છો.જેને સહી સિકકા કરી એક નકલ પોતાની પાસે રાખી બાકીની બે નકલ વાહન ચાલક સાથે રવાના કરવા આપવી આ ફોર્મની નકલ આપના કોમ્પ્યુટરમાં સેવ પણ થઇ શકશે.

ઘ. ફોર્મની પ્રિન્ટ મળે નહી ત્યારે તેની નકલ કાઢવી

- જો કોઇ કારણસર જનરેટ થયેલ ફોર્મ ડાઉનલોડ કરવાનું બાકી રહે તો, પોતાના લોગઇન માં જઇને ડાબી બાજુએ જનરલ ટાઇટલ હેઠળ "ડુપ્લીકેટ રીસીપ્ટ" ની લિંક છે, જયાં ક્લિક કરવાથી "CHECK POST SUBMISSION" ની લિંક મળશે જેની પર ક્લિક કરવાથી આપના ધ્વારા અગાઉ મેળવાયેલ તમામ ફોર્મ્સ ની લિંક મળશે જેની પર ક્લિક કરવાથી જનરેટ થયેલ રીસીપ્ટ અને ફોર્મ ૪૦૨ ની પીડીએફ લિંક મળી શકશે જેની પર ક્લિક કરવાથી ફોર્મ જનરેટ કરીને તેની પ્રિન્ટ આઉટ મેળવી શકાશે.

ચ . અપલોડ થયેલ ફોર્મ રીજેકટ કરવું.

- અપલોડ કરેલા ફોર્મ ૪૦૨ને તેને રીજેકટ કરી શકાય છે. આ માટે ઇ-ચેકપોસ્ટ પર ક્લિક કરતાં ડ્રોપડાઉન મેનુમાં એપ્રુવ ચેકપોસ્ટ સબમીશન પર ક્લિક કરતાં એપ્રુવ રીજેકટ ચેકપોસ્ટ ફોર્મ ખુલશે જેમાં સમગાળો પસંદ કરી ફોર્મ ૪૦૨ સીલેકટ કરી સબમીટ કરતાં ફોર્મની યાદી ખુલશે. સંબંધિત ફોર્મ સીલેકટ કરી ફોર્મને રીજેકટ કરી શકાશે.

**છ . ટ્રાન્સપોર્ટર ડીટેઇલ અગાઉ ભરેલ ન હોય ત્યારે પાછળથી ભરવા માટે**

- માલ મોકલતી વખતે Template ની Transporter sheet વિગતો કેટલીક વખત ઉપલબ્ધ ન હોઇ ભરવી શકય હોતી નથી આ વિગતો સિવાય ટેમ્પલેટ અપલોડ કરી પ્રિન્ટ મેળવી શકાય છે. પાછળથી આ વિગતો ઉપલબ્ધ થતાં તે ભરી શકાય છે. આ માટે વેબસાઇટમાં લોગઇન થઇ "ઇ-ચેકપોસ્ટ" પર કલીક કરતાં નીચે "સબમીટ ટ્રાન્સપોર્ટર ડીટેઇલ" આવશે જેના પર કલીક કરતાં મેનું ખુલશે જેમાં "ફોર્મ ટાઇપ"૪૦૨ સીલેકટ કરી જે ફોર્મ માટેની વિગતો ભરવી હોય તે ફોર્મનો નંબર નાંખીને "સર્ચ"પર કલીક કરતાં કોલમો ખુલશે જેમાં ટ્રાન્સપોર્ટને લગતી વિગતો ભરવાની રહેશે. આ કોલમોમાં એલ.આર.ને લગતી વિગતો ફરજિયાત છે. આ વિગતો ભરીને સબમીટ પર કલીક કરવાથી "ટ્રાન્સપોર્ટર ડીટેઇલ્સ અપલોડ સકસેસફુલી" એવો મેસેજ આવશે. ભરેલ વિગતો તમારા અગાઉના અપલોડ કરેલ ફોર્મમાં આવી જશે. આ જોવા માટે ડુપ્લીકેટ એકલોજમેન્ટ રીસીપ્ટમાં જઇ ફોર્મ ખોલતાં તે જોઇ શકાશે.

**જ. અન્ય ધ્યાને રાખવાની બાબતો :**

- ફોર્મમાં દર્શાવ્યા મુજબની ચેકપોસ્ટ પરથી જ વાહન પસાર થાય તેવો આગ્રહ રાખવો.
- જનરેટ થયેલ ફોર્મ બારકોડેડ છે જેની ડુપ્લીકેટ કે નકલ શકય નથી જો તેની કોપી કરીને ઉપયોગમાં લેવામાં આવશે તો ચેકપોસ્ટ પર પકડાઇ જશે.
- એક ફોર્મમાં એકથી વધુ ઇન્વોઇસનો/કોમોડીટીનો સમાવેશ થઇ શકશે. ટેમ્પલેટમાં આપેલ (+)બટનની મદદથી ઇન્વોઇસ અને કોમોડીટી ની "રો" ની સંખ્યા ૨૦ સુધી વધારી શકાશે અને (-) બટનથી ઘટાડી શકાશે.
- એક ટ્રકમાં માલ મોકલનાર ગુજરાતના વેપારી એક, પરંતુ ખરીદનાર વેપારી અલગ હોય તો તેને માટે અલગ અલગ ફોર્મ જનરેટ કરવુ પડશે.
- જનરેટ થયેલ ફોર્મ વિષે આપને આપના ઇ-મેલ એડ્રેસ પર ઇ-મેલ મોકલવામાં આવશે.
- જો પરપ્રાંતનો વેપારી સી.એસ.ટી નંબર ધરાવતો હોય તો, ટેમ્પલેટ ની બેઝીક શીટમાં, YES સિલેકટ કરવાનું તથા ડેટા નાંખવાનો રહેશે. જો પરપ્રાંતનો વેપારી ટીન તથા સી.એસ.ટી ન ધરાવતો હોય તો, તેના ટીન તરીકે ૧૧ વખત ૯ નો અંક નાંખવાનો રહેશે. (૯૯૯૯૯૯૯૯૯૯૯)

**આ માટે**

*આપની કોમ્પ્યુટર સિસ્ટમ માં નીચે મુજબની જરુરિયાતો હોવી ફરજિયાત છે.*

વિન્ડોઝ ઓપરેટીંગ સિસ્ટમ્સ (૯૮ થી વિન્ડોઝ-૭)///એમ.એસ.ઓફીસ (એકસપી અને તેની ઉપરના વર્ઝન્સ)///અડોબ એક્રોબેટ રીડર (૫.૦ થી ઉપરનું વર્ઝન)///ઇન્ટરનેટ એકસપ્લોરર(૫.૦ થી ઉપરનું વર્ઝન)///ઇન્ટરનેટ કનેકટીવીટી (પ્લગ ટુ સર્ફ બ્રોડબેન્ડ વિગેરે)///પ્રિન્ટઆઉટ લેવા માટે ડીએમપી-ઇન્કજેટ કે લેસર પ્રિન્ટર.

Procedure to get Form No. 402 On line

(In Simple Steps)

For Registered Dealer of Gujarat State:

**A. For downloading template**

- Log on to Commercial Tax Department website www.commercialtax.gujarat.gov.in Please enter your TIN as user Id, your Password, log in as “Dealer” and reply CAPTCHA on left top of the homepage.
- You will find a link named under e-Services –“e-Check post” –.Please click on – e-Check post. You will find five different links. Please click on “check post submission. A page titled Check post form will be opened. Now you have to download a template.
- There are two links of template, one for specified goods and another for none specified goods. For information of goods type please click on “List”, Click the link of specified or Non Specified Goods as per your commodity. Please note that both links allows you to download different type of templates. So please choose carefully. By clicking on you will find a link “Download templates for goods moving outside from the state form 402 (macro based)”. Please click it. File downloading message will appear on your screen. On pressing “save” button, a dialogue box will appear asking the location to save the downloaded template. Please save the downloaded template at proper place of your computer.
- Now you have to process for enabling the template macros. For enabling macros please refer Help Sheet of the template. Saved template will be used frequently. Now you can off line.

B. **For filling up the template**.

- Template consists of 3 Excel Sheets, first for General Information, second for commodity Detail and third for Transportation details. Fill the sheets using tool tips and drop down box options. Please refer tool tip while filling the templates
- After due filling the template in three excel sheets please go again on firs sheet, click on ”validate” button. You will find error massage if any. Than correct the error/s.” No error found” massage will be appeared on your screen. Now save the filled template at proper place in your computer.

**C. For uploading the filled template**

- Now Log on to web site and then come to the menu of “check post form”. Now upload process of saved template should be started.
- Select “Document type-form 402, enter your mail ID, attaché saved template file and select branch name. Now click “upload” button.
- Now processing of uploading will be start. No error massage will be on your screen. Now click on “submit” button.
- You will get a barcoded acknowledgement and PDF form link. First click PDF link of form, a form 402 with Bar code will appears on screen. . Please print 3 copies of the form 402. You can also save it on your computer. Please stamped, signed 3 copies and given 2 copies to driver to carry with goods vehicle heading check post.

D **For printing an uploaded form in case of non-availability at the time of generation**

If due to some reason generated form is not downloaded, then please log in website- In General menu - Duplicate receipt. You will find a dialogue box “Duplicate Acknowledgement receipt “click -check post submission. A dialogue box “List of check post form” will appear. Select period and form type 402.search the form and click on it,you will find a pdf of form402

**E. For reject uploaded form**

You can reject generated form 402. For this Gujarat dealer should log in, then click on “e-check post- “approved check post submission”. You can find a link of “approve /reject check post forms.” Select the period and form type 402 and search it. List of form 402 will be on your screen. Select the form and approve or reject it.

**F. For submitting transportation details of earlier downloaded form.**

Sometimes details of transportation are not available at the time of filling the template. Without these details form can be uploaded. Later on when these details be available dealer of Gujarat can submit these details. For this log in to website, click “e check post “.You will find a link “submit transporter details “by clicking this link a menu will be open. Select form type 402 and enter form number. Click on” search.” You will find columns for transporter details. Fill columns and submit. You will find a massage “transporter details upload successfully”. Detail submitted will be entered in your earlier uploaded form. You can see it by opening original pdf form.

**G. Please attend following points:**

- Please see that your vehicle should pass from the check post mentioned in the form.
- Generated Bar coded form is allowed to use once only. Copy cannot be possible.
- You can include more than one commodity in single form.
- There shall be separate forms for separate consignee.
- You will receive a mail from department on your given mail address.
- If consignee/buyer of outside does not have TIN/CST number than enter 11 times 9 digit (99999999999)

**For above**

You should have following requirement in your computer system.

Windows Operating System ( 98 and Higher versions ) /// MS Office ( Office XP and above version ) /// Adobe acrobat Reader ( Version 5.0 and above ) /// MS Internet Explorer ( Version 5.0 and above ) /// Internet connectivity ( plug to surf or Broadband ) /// DMP- Inkjet or Laser Printer to get print outs.

(Inkjet or Laser printer is recommended as print outs of DMP may cause difficulty for bar code machine at check post)